
Australian Government

actnowstaysecure.gov.au




## તમે ઓનલાઇન શું જોખમમાં મુકી રહ્યા છો?

જેમ જેમ ટેકનોલોજી ઝડપથી આગળ વધી રહી છે અને આપણે વધુ સમય ઓનલાઇન પસાર કરીએ છીએ, તેમ તેમ ઓસ્ટ્રેલિયાના લોકો સાઇબર હુમલાઓનાં ભોગ બનવાને પાત્ર રહે છે.

હાલ જ પગલાં લો. સલામત રહો. આ અભિયાન ઓસ્ટ્રેલિયાના લોકોને સરળ સાયબર સલામત પગલાંઓથી શિક્ષિત કરી રહ્યું છે જે દરેક વ્યક્તિ પોતાને ઓનલાઇન સુરક્ષિત રાખવા માટે લઇ શકે છે.

**હાલ જ પગલાં લો. સલામત રહો.**

## ઓનલાઇન સલામત કેવી રીતે રહેવું

### દરેક ખાતા માટે અનન્ય અને મજબૂત પાસફ્રેઝ વાપરો.

તમારા દરેક ઓનલાઇન ખાતા માટે એક અનન્ય અને મજબૂત પાસફ્રેઝનો ઉપયોગ કરવો એ ઓનલાઇન સુરક્ષિત રહેવા માટે તમે લઇ શકો તેવું એક સૌથી અસરકારક પગલું છે.

પાસફ્રેઝ એ વધુ સુરક્ષિત પાસવર્ડ છે. તેમાં આડાઅવળા શબ્દોની શ્રેણી હોય છે. તે તમારા માટે યાદ રાખવા સરળ હોય છે પરંતુ સાયબર ગુનેગારો માટે તેનું અનુમાન કરવું મુશ્કેલ હોય છે.

તેને મજબૂત અને અનન્ય બનાવવા માટે, સુનિશ્ચિત કરો કે તમારા પાસફ્રેઝમાં:

- ✔ ચાર કે તેથી વધુ આડાઅવળા શબ્દો હોય
- ✔ ૧૫ કે તેથી વધુ અક્ષરો હોય
- ✔ દરેક ખાતા માટે અલગ હોય
- ✔ અટક, જન્મતારિખો અથવા સરનામાં જેવી ઓળખ છતી કરતી માહિતીનો સમાવેશ ન થતો હોય
- ✔ જે તે વેબસાઇટ અથવા સેવા દ્વારા જરૂરી હોય તો, ચિન્હો, કેપીટલ અક્ષરો અથવા આંકડાઓનો સમાવેશ કરો.

તમારા અનન્ય પાસફ્રેઝને બનાવવા અને સંગ્રહિત કરવા માટે પાસવર્ડ મેનેજરનો ઉપયોગ કરવા પર વિચાર કરો.

### તમારા ઉપકરણોને સુરક્ષિત રાખવા માટે બધા સોફ્ટવેરના અપડેટ્સ ઇન્સ્ટોલ કરો

ઇન્ટરનેટ સાથે જોડાયેલા તમારા તમામ ઉપકરણો (જેવા કે તમારા ફોન, લેપટોપ અથવા સ્માર્ટ વોચ) માટે સોફ્ટવેર અપડેટ્સ ઇન્સ્ટોલ કરવા એ તમારી જાતને ઓનલાઇન સુરક્ષિત રાખવા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

સોફ્ટવેર અપડેટ્સ તમારા ઉપકરણોની સુરક્ષામાં નબળાઇઓ અથવા ક્ષતિઓને ઠીક કરે છે. નિયમિત અપડેટ્સ ઇન્સ્ટોલ કરવાથી તમારા ઉપકરણો સુરક્ષિત રહેશે અને સાયબર ગુનેગારોને તેના પર કાબૂ કરવો મુશ્કેલ બનશે.


આપમેળે અપડેટ્સ ચાલુ કરો અને જ્યારે પૂછવામાં આવે ત્યારે તે ખાતરીપૂર્વક ઇન્સ્ટોલ કરો.

### બહુપરિબળ પ્રમાણકને હંમેશા સુયોજિત કરો

જ્યાં ઉપલબ્ધ હોય ત્યાં તમારા બધા ઓનલાઇન ખાતાઓમાં સુરક્ષાનો વધારાનો સ્તર ઉમેરવા માટે બહુપરિબળ પ્રમાણક ચાલુ કરો.

બહુપરિબળ પ્રમાણકમાં તમારા ખાતામાં લોગ ઇન કરવા માટે બે કે વધુ ચકાસણી પદ્ધતિઓની જરૂર પડે છે. ઉદાહરણ તરીકે, તમારો પાસવર્ડ કે પાસફ્રેઝ દાખલ કર્યા પછી, બીજી ચકાસણી પૂરી પાડવા માટે તમને એક અધિકૃત એપ, ઇમેલ અથવા લેખિત સંદેશા દ્વારા મોકલેલ કોડ દાખલ કરવાનું કહેવામાં આવશે.

બહુપરિબળ પ્રમાણક, તમારી અન્ય પ્રમાણક પદ્ધતિઓ (જેવી કે પાસફ્રેઝ) સાથે ચેડા કરવામાં આવ્યા હોય તો પણ તમારા ખાતાને સુરક્ષિત કરે છે.




## ઑનલાઇન સુરક્ષિત રહેવા માટે વધુ રીતો જોઇએ છે?

સાયબર સુરક્ષિત રહેવાની વધુ રીતો શોધી રહ્યા છો?
તમારી જાતને ઑનલાઇન સુરક્ષિત રાખવા તમે લઇ શકો તેવા અન્ય પગલાં અહીં આપ્યા છે.

### જાહેર વાઇ-ફાઇનો ઉપયોગ કરતી વખતે સાવચેત રહો

જાહેર વાઇ-ફાઇનો ઉપયોગ કરતી વખતે કોઇ પણ સંવેદનશીલ અથવા ખાનગી માહિતીનો ઉપયોગ કરશો નહીં કારણ કે તે જોડાણ સુરક્ષિત નથી. આમાં તમારા સોશિયલ મીડિયા, ઇમેઇલ અથવા ઑનલાઇન બેંકિંગ શામેલ છે. તમે દાખલ કરો તે કોઇપણ માહિતી સાયબર ગુનેગારો મેળવી શકે છે.

### નિયમિતપણે તમારી ગોપનીયતા અને ભૌગોલિક સ્થાનના (લોકેશન) સેટિંગોને તપાસતા અને અદ્યતન કરતા રહો

તમારા ગોપનીયતા અને લોકેશન સેટિંગ્સ વારંવાર તપાસતા રહેવા મહત્વપૂર્ણ છે, જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે તમે અજાણતા અંગત કે ઓળખ છતી કરી શકાય તેવી માહિતીની જાહેર જનતા સાથે આપલે નથી કરી રહ્યા.

તપાસવા માટેનાં સેટિંગ્સમાં તમારા સોશિયલ મીડિયા ખાતાઓની ગોપનીયતા સેટિંગ્સ અને તમારી એપ્લિકેશનો અને ઉપકરણો પર ભૌગોલિક સ્થાનનું પગેરું સમાવિત છે.

### મિત્રો અને પરિવાર સાથે સાયબર સુરક્ષિત કેવી રીતે રહેવું તે વિશે વાત કરો

તમારી જાતને, તમારા પરિવારને અને મિત્રોને ઑનલાઇન સુરક્ષિત કરાખવા માટે શિક્ષણ અને જાગૃતિ મહત્વપૂર્ણ છે – ખાસ કરીને જો તમે ઇન્ટરનેટથી જોડાયેલ ઉપકરણો વાપરતાં હોવ. તમારા મિત્રવર્તુળમાં તેના વિશે વાત કરવાથી સાયબર સલામતી ધ્યાનમાં રહે છે અને તેઓ પોતાને ઑનલાઇન કેવી રીતે સુરક્ષિત રાખવા તે બાબતમાં અદ્યતન માહિતી મેળવી રહ્યા છે તે સુનિશ્ચિત થાય છે.

### કૌભાંડને કેવી રીતે ઓળખવું તે શીખો

કૌભાંડીઓ લોકોને પૈસા ચૂકવવા અથવા તેમની વ્યક્તિગત માહિતી પ્રદાન કરવા માટે છેતરે છે.

જો તમને ખાતરી ન હોય કે તમે કોની સાથે વ્યવહાર કરી રહ્યા છો, તો ક્યારેય કોઇને નાણાં અથવા અંગત માહિતી ન આપશો. તમે કોઇ સત્તાવાર વેબસાઇટ અથવા એપ્લિકેશથી તમારી જાતે શોધી કાઢેલી વિગતોનો ઉપયોગ કરીને તે વ્યક્તિ અથવા સંસ્થાનો સંપર્ક કરીને તે તપાસો.

### સાયબર હુમલાઓ અને ઘટનાઓની જાણ કરો

કૌભાંડો અને સાયબર ઘટનાઓની જાણ કરવી એ સરકારને નવા વલણો ઓળખવામાં મદદ કરવા, સમુદાયને ચેતવવા અને તમને સાયબર ઘટનામાંથી બહાર આવવા માટે મદદ કરવા માટે ખૂબ મહત્વપૂર્ણ છે.

actnowstaysecure.gov.au પર તમારી જાતને સુરક્ષિત રાખવા માટેનાં સરળ પગલાં શીખો.

હાલ જ પગલાં લો.
સલામત રહો.
actnowstaysecure.gov.au